દરિયાઈ સાધનો પુરા પાડવા અન્ય પુર્વ જરુરી સવલતો પુરી પાડવાની યોજના એફએસએચ-૭ (૧૦૩/૦૧) તળે રાજયની દરીયાઇ ફીશીંગ બોટો માટે નવા એન્જીન ખરીદવા માટે ૨૫ ટકા સહાય આપવાની નવી બાબત (મહેસુલી ખર્ચ) રૂ.૧૦૦૦.૦૦ લાખની જોગવાઇ માટે સને ૨૦૧૮-૧૯ના વર્ષ માટે વહીવટી મંજુરી આપવા બાબત.

ગુજરાત સરકાર
કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ
ઠરાવ ક્રમાંક:- એફડીવી/૧૩૨૦૧૮/૧૪૩/ટ
સચિવાલય, ગાંધીનગર
તા.૧૭/૦૪/૨૦૧૮

વંચાણે લીધા:-

(૧) મત્સ્યોદ્યોગ કમિશ્નરશ્રીની કચેરી, ગાંધીનગરના પત્ર ક્રમાંક:- ગુમ/ક/ઈ-૧/૩૦/નવી બાબત/એન્જીન/૨૦૧૭-૧૮/૨૮૫૪, તા.૦૨/૦૨/૨૦૧૮

(૨) મત્સ્યોદ્યોગ કમિશ્નરશ્રીની કચેરી, ગાંધીનગરના પત્ર ક્રમાંક:- - ગુમ/ક/ઈ-૧/૩૦/નવી બાબત/એન્જીન/૨૦૧૭-૧૮/૩૨૯૦, તા.૨૧/૦૩/૨૦૧૮

ઠરાવ:-

૧. વંચાણે લીધેલ ક્રમ- (૧) સામે દર્શાવેલ મત્સ્યોદ્યોગ કમિશ્નરશ્રીના પત્રથી દરિયાઈ સાધનો પુરા પાડવા અન્ય પુર્વ જરુરી સવલતો પુરી પાડવાની યોજના એફએસએચ-૭ (૧૦૩/૦૧) તળે રાજયની દરીયાઇ ફીશીંગ બોટો માટે નવા એન્જીન ખરીદવા માટે ૨૫ ટકા સહાય આપવાની નવી બાબત (મહેસુલી ખર્ચ) રૂ.૧૦૦૦.૦૦ લાખની જોગવાઇ માટે સને ૨૦૧૮-૧૯ના વર્ષ માટે નવી બાબતોની મંજુરી આપવા દરખાસ્ત કરવામાં આવેલ હતી.

૨. વંચાણે લીધેલ ક્રમ- (૨) સામે દર્શાવેલ મત્સ્યોદ્યોગ કમિશ્નરશ્રીના પત્રથી દરિયાઈ સાધનો પુરા પાડવા અન્ય પુર્વ જરુરી સવલતો પુરી પાડવાની યોજના એફએસએચ-૭ (૧૦૩/૦૧) તળે રાજયની દરીયાઇ ફીશીંગ બોટો માટે નવા એન્જીન ખરીદવા માટે ૨૫ ટકા સહાય આપવાની નવી બાબત (મહેસુલી ખર્ચ) રૂ.૧૦૦૦.૦૦ લાખની જોગવાઇ માટે સને ૨૦૧૮-૧૯ના વર્ષ માટે નવી બાબતની જોગવાઈને વહીવટી મંજૂરી આપવા દરખાસ્ત રજુ કરેલ છે. રાજ્યમાં હાલ આશરે ૧૭૦૦૦ જેટલી ટ્રોલર, ગીલનેટર, ડોલનેટર, બોટો કાર્યરત છે. આ બોટો ઘણી જૂની હોઈ કાર્યક્ષમતામાં ઘટાડો થયેલ છે. અને તેના કારણે ડીઝલનો વપરાશ વધારે થાય છે. સારી ક્ષમતાંનાં નવા એન્જીનો બોટમાં લગાવતા માછીમારી બોટ ઊંડા દરિયામાં માછીમારી માટે જઈ શકશે. મત્સ્યોધોગ કમિશ્નરશ્રીએ ૫૦૦ બોટો માટે સહાયની યોજના રજુ કરેલ છે. આ યોજનામાં નવા એન્જીનની યુનિટ કોસ્ટ રૂ.૮.૦૦ લાખના ૨૫ ટકા એટલે કે રૂ.૨.૦૦ લાખ સહાય આપવા માટેનું ધોરણ રાખેલ છે. આ યોજનામાં સરકારશ્રીનો ફાળો ૨૫ ટકા તથા લાભાર્થીનો ફાળો ૭૫ ટકા રહેશે. આ યોજના હેઠળ દરિયાઈ જીલ્લાઓ જેવા કે અમરેલી, કચ્છ, જામનગર, દેવભૂમિ દ્વારકા, ગીરસોમનાથ, જુનાગઢ, નવસારી, પોરબંદર, વલસાડ જીલ્લાઓના લાભાર્થીઓને આવરી લેવામાં આવશે.

પુખ્ત વિચારણાના અંતે વર્ષ ૨૦૧૮-૧૯ના અંદાજપત્રમાં દરિયાઈ સાધનો પુરા પાડવા અન્ય પુર્વ જરુરી સવલતો પુરી પાડવાની યોજના એફએસએચ-૭ (૧૦૩/૦૧) તળે રાજયની દરીયાઇ ફીશીંગ બોટો માટે નવા એન્જીન ખરીદવા માટે ૨૫ ટકા સહાય આપવાની નવી બાબત (મહેસુલી ખર્ચ) રૂ.૧૦૦૦.૦૦ લાખની જોગવાઇની નવી બાબતને નીચેની શરતોને આધીન વહીવટી મંજુરી આપવામાં આવે છે.

શરતો:-

(૧) આ મંજુરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રેહેશે.

(૩) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૪) આ મંજુરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિંધ્ધાતોનો અમલ કરવાનો રહેશે.

(૫) આ મંજુરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહિ. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૬) યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૭) પ્રસ્તુત કામે ટેન્ડર પ્રોસેસિંગ બાબતમાં ઉધોગ અને ખાણ વિભાગના ઠરાવ ક્રમાંક:- એસપીઓ-૧૦૨૦૦૫-૧૪૦૭-ચ, તા.૨૨/૧૧/૨૦૦૬ અન્વયે "ઈ" ટેન્ડરીંગ બાબતમાં કરવામાં આવેલ જોગવાઈઓ સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૮) આ મંજુરી અન્વયે જો કોઈ પણ વસ્તુની ખરીદી કરવાની હોય તો તે સરકારશ્રીના પર્વતમાન ધારાધોરણો અને નિયમોનુસાર કરવાની રહેશે.

(૯) આ યોજના નીચે એક કુટુંબ દીઠ માત્ર એક જ બોટ માટે સહાય મળવાપાત્ર રેહેશે.

(૧૦) લાભાર્થી ગુજરાત રાજયનો વતની હોવો જોઇએ.

(૧૧) લાભાર્થીની બોટ રીયલ ક્રાફટ અંતર્ગત રજીસ્ટર થયેલ હોવી જોઇએ.

(૧૨) લાભાર્થી ફીશીંગ બોટ અને ફીશીંગનું લાયસન્સ ધરાવતો હોવો જોઇએ.

(૧૩) આ એન્જીન ટ્રોલરગીલનેટર અને ડોલ નેટરબોટને મળવાપાત્ર છે.

(૧૪) લાભાર્થીએ એન્જીન કોઇપણ સ્ટાન્ડર્ડ ઉત્પાદક કંપની અથવા કંપનીના અધિકૃત વિક્રેતા પાસેથી ખરીદવાના રહેશે અને તેની ઉપર સહાય મળવાપાત્ર રહેશે.

(૧૫) સહાય મંજુર કરવાની સત્તા મત્સ્યોધોગ કમિશનરશ્રીને રહેશે.

(૧૬) યાંત્રીકરણ બોટ કે જેને સરકારશ્રી તરફથી રાહત અપાયેલ હોઇ ગુજરાતના દરિયાકાંઠા ઉપરના બંદરો ઉપર ફીશીંગ કરવાનું રહેશે.

(૧૭) એન્જીનની યુનિટ કોસ્ટ અથવા ખરેખર ખરીદ કિંમતના ૨૫ ટકા બેમાંથી જે ઓછું હોય તેટલી સહાય મળવાપાત્ર થશે.

(૧૮) સહાય મંજુર કરવાની સતા નાયબ મત્સ્યોદ્યોગ નિયામક/ નાયબ મત્સ્યોદ્યોગ કમિશનરશ્રીની રહેશે.

(૧૯)અરજદારે અરજી સાથે લોન ડીસ્બર્સમેન્ટ લેટર જોડવાનો રહેશે જેમાં અરજદારના લોન એકાઉન્ટની વિગત રજુ કરવાની રહેશે.

(૨૦)અરજદારે યંત્ર ખરીદી સહાય મેળવવા માટે યંત્રની ખરીદી બેંક પાસેથી ધીરાણ મેળવીને જ કરવાની રહેશે.

(૨૧) સહાયની રકમ લાભાર્થીના ધિરાણ ખાતા (લોન એકાઉન્ટ)માં સીધી ડી.બી.ટી.થી ચુકવવાની રહેશે.

(૨૨) યંત્ર રાહત માછીમારને જે હેતુ માટે આપવામાં આવેલ હોય તે સિવાયના હેતુ માટે વાપરી શકશે નહિ. માછીમારે સહાય મેળવવા માટે જે તે જિલ્લાની સ્થાનિક મત્સ્યોદ્યોગ કચેરીમાં અરજી કરવાની રહેશે.

(૨૩) માછીમારે ૧૫૦ એચ.પી.થી વધુ ક્ષમતા ધરાવતા મરીન એન્જીનની ખરીદી કરવાની રહેશે.

આ યોજનાનું બજેટ સદર નીચે પ્રમાણે રહેશે.

| | |
|---|---|
| માંગણી નં: | ૦૦૬ |
| સેક્ટર: | ગ:આર્થિકસેવાઓ |
| સબસેક્ટર : | ક:કૃષિઅનેસંલગ્નપ્રવૃતિઓ |
| મુખ્યસદર : | ૨૪૦૫-મત્સ્યોદ્યોગ |
| ગૌણસદર : | ૧૦૩-દરિયાઈમત્સ્યોદ્યોગ |
| પેટાસદર : | ૦૧.એફએસએચ-૭ (મહેસુલી ખર્ચ) |

દરિયાઈ સાધનો પુરા પાડવા અન્ય પુરક જરૂરી સવલતો પુરી પાડવી

આ હુકમો વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર સચિવશ્રી (ખર્ચ ) ની તા. ૧૧/૦૪/૨૦૧૮ની નોંધ થી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(સી.એ.દેશમુખ)
સેક્શન અધિકારી
કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ